# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




જેમ દાગીના લઇ જાય છે, ટપલી મારીને!
એમ જ માથાં વાઢી જાય છે, ટપલી મારીને!
ટપલી મારી રમી જાય છે દાવ પાકિસ્તાન -
કાપી જાય છે નાક રાષ્ટ્રનું, ટપલી મારી ને!!
(સૈનિકો નો'તા - પૂજ્ય આતંકવાદી હતા!)
(કહો ઇદમુબારક અને આપો ઇફ્તાર પાર્ટી)

લડતાં નહીં,
નિવેદન દેતાં ય,
આવડે નહીં!!
(રક્ષા મંત્રાલય!)

કરાવી નાખ્યું!
લોકાયુક્ત નું પણ -
એન્કાઉંટર!!
(મોરલ મારી નાખ્યું..)




## ચિંતન

**અહિં, નૃપં ચ શાર્દુલં કિટિં ચ બાલક તથા ।**
**પરશ્વાનં ચ મૂર્ખં ચ સુપ્ત સુપ્તાન બોધયેત ॥**

'ચાણક્યના નીતિ-શાસ્ત્રના આ શ્લોકમાં સલાહ આપવામાં આવી છે કે :

આટલાં જો સૂતેલાં હોય તો એને શાંતિથી સૂવા જ દેવાં જોઇએ - જગાડવાં નહીં.

(૧) સાપ- સાત સૂતેલા સારા - એને જો જગાડો તો ફૂંફાડા તો મારે જ પણ તે પછી ઉશ્કેરાટમાં શું કરે - ન કરે એ કંઇ કહેવાય નહીં.

(૨) રાજા - ને જગાડાય નહીં - એ જાગે અને કેવા 'મૂડ'માં હોય, ગુસ્સે પણ થાય કે મનમાં - સ્વપ્નમાં કોઇ તૂક્કો આવ્યો હોય તો પહેલાં જગાડનારને જ જવાબદારી સોંપી દે.

(૩) (૪) વાઘ અને સુવર - ખાઉંધરાં પ્રાણી કે કુંભકર્ણ જેમ - જાગે ને માગે સૌ પ્રથમ જગાડનારનો જ કોળિયો કરી પણ જાય!

(૫) બાળક - સૂતેલું બાળક ગમે તેવું કંકાશિયું - હોય તો પણ સારૂં લાગે ને જોયા કરવું. જો જગાડે તો તેનો કંકાસ અને માગણીઓ 'મા'ને રોકી રાખે છે અને તેણીનાં રોજિંદા કામકાજ પણ કરવા દેતું નથી.

(૬) પારકો કે શેરીનો કૂતરો જગાડવાથી ઘૂરકાટ તો કરે જ, અથવા વડચકું ભરવા પાછળ પણ પડે!

(૭) મૂર્ખ - વ્યક્તિને ન જગાડાય એની અક્કલ વગરની વાતો અને તૂક્કા, પ્રશ્નોથી બચવા એને સૂવા દેવો જોઇએ.

## સુવિચાર

- ચારિત્ર્યમાં રીતભાતમાં શૈલીમાં સર્વોચ્ચ ગુણ સાદાઇ છે **- સરદાર પટેલ**
- જાણનારો એક જ છે...!! જાણવા જેવી વસ્તુઓ અનંત છે **- સંત રોબિન**
- જેનું તમે સ્વામીપણું કરશો તે બધું સામુ થશે **- મુનિ વાત્સલ્ય સુરીજી**
- ભયથી ઘેરાયેલો આત્મા કદી પરમાત્માને પામી શકતો નથી અને જ્યાં ઉપકાર કરવાની ભાવના છે ત્યાં કદી સાચો પ્રેમ નથી હોતો **- વજુ કોટક**
- ભૂલ કરે તે માણસ પણ તે ભૂલનું પુનરાવર્તન ન થાય તે માટે દૃઢપ્રતિજ્ઞા બને તેનું નામ મહામાનવ **- ડૉ. ચંદ્રકાન્ત મહેતા**
- માણસ સુખ, સફળતા અને પ્રસન્નતાનો અધિકારી છે, પણ આવિષ્કારની રીત એ જાણતો નથી, એટલે પોતાને પામર, રંક અને નકામો માની બેસે છે **- તમિલ કહેવત**
- પ્રેરણા પાછળ પરસેવાનું પાણી ન વરસે તો પ્રેરણા થોડાક વખતમાં જ રણ જેવી બની જાય છે **- ડૉ. વિક્રમ સારાભાઇ**

## બોધ કથા

કેટલાક લોકો હતાશા-નિષ્ફળતા મળે તો ઘર છોડી જાય, આત્મહત્યા કરે, કોઇ ઇશ્વર પ્રત્યેના અતિ અનુરાગથી સંસાર-સમાજ તરફની પોતાની ફરજ-કર્તવ્ય ભૂલી સાધુ-સન્યાસી કે 'દિક્ષા' લઇ લે છે કોઇ માતા-પિતાને છોડી શ્વસુરની સેવામાં તત્પર થાય છે, કોઇ સેનામાં જોડાઇ શહીદીના સ્વપ્ન જૂએ છે અને દેશસેવાના સ્વપ્ન સાથે માતા-પિતા-પરિવારની ફરજને ગૌણ સમજે છે. આ બધી સમસ્યાઓને સિક્કાની બે બાજુ જેવા હકાર-નકારની દલીલો હોઇ શકે છે.

મુસ્લિમ સમાજમાં ધર્મયુદ્ધ ચાલતું હતું. યુવાનો મોટા પ્રમાણમાં લડાઇમાં જોડાતા હતા. હજરત મહંમદ પયગંબર સાહેબ યુદ્ધનું નેતૃત્વ સંભાળતા હતા. ત્યારે એક યુવાન તેમની પાસે આવ્યો અને કહ્યું - હું આ ધર્મયુદ્ધમાં જોડાઇ જવા માંગુ છું અને અલ્લાહ વાસ્તે કુરબાની આપી - જન્નતમાં જવાની ઇચ્છા રાખું છું?

મહમ્મદ સાહેબે એને પૂછ્યું - તારા પરિવારમાં કોણ કોણ છે?

યુવાન કહે એક વૃદ્ધ મા જ છે એનું શરીર અડીખમ છે અને જાત મહેનતથી કમાઇ રહી લે છે!

મહમ્મદ સાહેબ કહે, તારી સૌથી પહેલી ફરજ 'મા' ની સેવા કરવાની છે એની - એના ચરણોની સેવાથી જ તને જન્નતનું સુખ પ્રાપ્ત થશે, માટે તું પાછો જા અને મા ની સેવા કર!

Email - sureshchandrabhatt18@gmail.com

# પર્યાવરણની વૈશ્વિક સમસ્યાનો ભારતીય ઉકેલ

## ચર્ચા સભા

- હર્ષદ પ્ર. શાહ

(ગતાંકથી આગળ...)

**● વૃક્ષ દેવો ભવ**

પર્યાવરણનો પ્રાણ છે વૃક્ષ... વૃક્ષોની સંખ્યા ઘટે એટલે ગરમી વધે, વરસાદ ઘટે. વરસાદ ઘટે એટલે પાણીના અભાવે નવાં વૃક્ષો ન ઊગે. વૃક્ષો કાપવાં એટલે પોતાના જ પગ પર કુહાડી મારવી... પોતાના જીવનને જ અણધાર્યા મૃત્યુ તરફ દોરી જવું. વૃક્ષ પોતે જ એક મધુર કાવ્ય છે, મીઠું સંગીત છે. પણ મનુષ્ય એ સાંભળી શકતો નથી. વૃક્ષો દ્વારા પ્રાણવાયુ અને અંગારવાયુનું કેટલું અદ્ભૂત સંતુલન સધાય છે! આ કથનની સાર્થકતા સિદ્ધ કરતી ઉક્તિ ટાંકવાનું મન થાય છે -


**વૃક્ષ એ નીલકંઠનો અવતાર**
**આપે અમૃત ચૂસે ઝેર**

સુરેશ દલાલે વૃક્ષનું ગાન ગાયું છે -

**મને એક એક ઝાડની માયા,**
**કે ઝાડ મને લાગે નહિ કોઇ દિ'પરાયાં!**
**ઝાડ ઉપર ફૂલ થઇ ફૂટું ને પંખી બની બાંધુ હું માળો!**
**ખિસકોલી થઇને હું દોડ્યા કરૂં છું,**
**ભલે ઉનાળો હોય કે શિયાળો!**

ભગવતીકુમાર શર્માનું વૃક્ષ-સંવેદન તો જુઓ!

**મારે ને વૃક્ષોને કેટલાં સંબંધ?**
**મારી એક દળદાર નવલકથા છાપવામાં**
**કેટલાં વૃક્ષોને છેદાવું પડ્યું**
**હશે?**



વૃક્ષો પોતે તાપ-તડકો-ઠંડી-વાવાઝોડું
એ બધું સહન કરીને પણ
આપે છે તો ફળો અને છાંયડો.
વૃક્ષો સંત સમાન છે.

હરીન્દ્ર દવેએ વૃક્ષની ગરિમા આ રીતે વર્ણવી છે -

**જ્યાં જ્યાં લીલું પાન,**
**ત્યાં ત્યાં તે માધવનું ગાન,**
**તે જ માધવને મળવાનું સ્થાન.**

કાગળ અને ફર્નિચરમાં વૃક્ષોનું લાકડું ખૂબ વપરાય છે. માનવ માત્રના મનમાં એટલી સમજણ વિકસે કે વૃક્ષનો ઉપયોગ કરતાં પહેલાં નવાં વૃક્ષો ઉગાડે... તો બેડો પાર થઈ જાય...વૃક્ષો સાચા અર્થમાં માનવજાત અને સમગ્ર સજીવ સૃષ્ટિ માટે કલ્પવૃક્ષ સમાને છે.

**● ગાય, ગંગા એ ગ્રામ**

ગોવંશ માનવજાતને કેટલો ઉપકારક છે એ વાત હવે સહુ કોઈ જાણે - સમજે છે. ગાય - બળદ ને કતલખાને જવા દઈને કેટલું મોટું પાપ આપણે કરીએ છીએ? વિશ્વની આટલી મોટી લોકશક્તિ સરકારના કાન આમળીને કતલખાના બંધ નથી કરાવી શકતી!? દેશનાં સમગ્ર અર્થતંત્રના આધારરૂપ અને પ્રાણસમા ગોવંશનું રક્ષણ આપણે નહીં કરીએ તો કોણ કરશે?

આ વિચારને લઈને તાજેતરમાં વિશ્વમંગલ ગો-ગ્રામ યાત્રા દેશભરમાં નીકળી હતી. આ યાત્રા ગુજરાતમાં પ્રવેશી ત્યારે જ ભારતના વડાપ્રધાન મનમોહનસિંહ કોપનહેગનમાં પ્રવચન કરી રહ્યા હતા. આ યાત્રાનો સંદેશ સ્પષ્ટ છે... પ્રકૃતિ, પૃથ્વી, મનુષ્ય અને બ્રહ્માંડ પરસ્પર જોડાયેલાં છે, એકબીજા પર નિર્ભર છે. એકને ક્ષતિ પહોંચે તો સમગ્ર ચક્રને અસર થાય છે.

કેવળ ગંગા જ નહીં, ભારતની નદીએ નદી માતા સમાન છે. પોતાના જળથી ધરતીને પલ્લવિત કરીને મનુષ્યને ધાન આપે છે, પોષણ કરે છે. એ જ નદીઓનાં જળને માનવ વ્યક્તિત્વ સ્વાર્થ માટે રસાયણો વહેવડાવી પ્રદૂષિત કરે છે. જે જળ જીવન છે એને ઝેર બનાવે છે.

ભારતનો ધબકાર ગામડું છે. ગ્રામ્ય જીવનમાં ભારતીય જીવનશૈલીનાં સાચાં દર્શન થાય છે. આ ગામડાનું શહેરીકરણ થઈ રહ્યું છે. એની નિર્દોષ, પવિત્ર અને કુદરતી જીવનશૈલીમાં વિશેપ ઉત્પન્ન થયો છે. એની ફળદ્રુપ ભૂમિને રાસાયણિક ખાતરો પજવી રહ્યાં છે, પાણીના અમર્યાદ ઉપયોગને કારણે એના થળ સેંકડો ફૂટ ઊંડા ગયા છે. સાયકલ, બળદગાડાં, ઊંટગાડાં વગેરેનું સ્થાન મોટર સાયકલ, કાર તથા ટ્રેકટરોએ લીધું. આ વાહનોમાંથી નીકળતા ઝેરી વાયુઓ વાતાવરણને પ્રદૂષિત કરે છે.

ગાયુનું સંરક્ષણ, ગંગાનું જતન અને ગ્રામનું સંવર્ધન પર્યાવરણનું સંતુલન જાળવવામાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવી શકે.

**● સંઘર્ષ નહીં સમન્વય**

પ્રકૃતિ સાથે સંઘર્ષ નહીં, સમન્વયની ભૂમિકા એ ભારતીય દર્શન છે, અમર્યાદ ઉપભોગ નહીં, સંયમિત ઉપભોગ એ ભારતીય જીવનશૈલીનું મહત્ત્વનું લક્ષણ છે.સ્વનો નહીં, સર્વનો વિચાર એ અહીનું જીવનસત્ત્વ છે. સંગ્રહ નહીં, સમ્યક્ ઉપયોગ એ અહીંની ધરતીનો સાદ છે. પારસ્પરિક વ્યવહારનો આધાર સમાનતા નહીં, આત્મીયતા છે. કીડીને કણ, ચકલને ચણ અને હાથીને મણ અહીંનો ન્યાય છે. ભૂખ્યા રહીને પણ અતિથિનું પેટ ભરવું એ અહીંનાં જીવનની ઊંચાઈ છે.

પર્યાવરણ શુદ્ધિ માટે આચરણ યોગ્ય બાબતો

વધુ વૃક્ષો વાવીએ, જંગલો ન કાપીએ.

પ્લાસ્ટિકની કોથળીઓ, બોટલો ન વાપરીએ, ગમે ત્યાં પ્લાસ્ટિકની કોથળીઓ ફેંકવાથી અસંખ્ય પશુઓ મરણને શરણ થાય છે માટે રસ્તા ઉપર પ્લાસ્ટિકની થેલી - કોથળીઓ ન ફેંકીએ...

પાણી અને વીજળીનો દુર્વ્યય ન કરીએ.

પેટ્રોલ-ડીઝળ ગેસથી ચાલતાં વાહનોનો ઉપયોગ ઓછો કરીએ, સાયકલ ચલાવવાનો અભ્યાસ કરીએ.

અપરિગ્રહ અને સંયમનો અભ્યાસ વધારીએ, જરૂર જેટલું જ લેવું, ભેગું ન કરવું એને અપરિગ્રહ કહે છે.

દૂરદર્શનની જાહેરખબરોનાં રવાડે ન ચડીએ. એને કારણે આપણને જેને જરૂર નથી એ ખરીદવાનું મન થાય છે. કુદરતી સૌંદર્યને સ્વીકારીએ. સૌંદર્ય પ્રશાદનો અને પદાર્થોનો ઉપયોગ હજારો પશુઓનાં મોતને નિમંત્રણ આપે છે.

કુદરતમય... પ્રકૃતિમય જીવન જીવીએ. પ્રકૃતિની સમીપ રહેનારમાં વિકૃતિઓનો પ્રવેશ થતો નથી.

એલોપથી દવાઓનો ઉપયોગ અતિ અલ્પ કરીએ. આયુર્વેદનો આવિષ્કાર જીવનને સુખમય બનાવશે. પ્રત્યેક વનસ્પતિ ઔષધિ છે.

ઉદ્યોગો ઓછા કરી કૃષિને પ્રાધાન્ય આપીએ. અનાવશ્યક ચીજવસ્તુઓનો ઉપભોગ ઘટાડવાથી ઉદ્યોગો આપોઆપ ઓછા થઈ જશે.

**નિષ્કર્ષ**

આ સકળ સૃષ્ટિમાં, જીવ-જગત અને જડ-ચેતનના તમામ અંશમાં ઈશ્વર વસેલો છે. આ સૃષ્ટિનું ચાલક બળ કુદરત છે. આ સૃષ્ટિ સૌ કોઈની છે. તમામ જીવો સમાન છે. માણસનું સ્વામિત્વ કે આધિપત્ય નથી. કુદરતે બક્ષેલા સંશાધનોનો સંયમિત અને નિયંત્રિત ઉપભોગ કરવાનો છે. સમન્વય અને સહ-અસ્તિત્વની ભૂકિ રચી સંવાદી જીવનનો અનુભવ કરવાનો છે. સર્વ સુખી તો સુખી આપણે - એ ભાવ જગાડવાનો છે.

રૂસોએ કહ્યું, 'કુદરતે જે કંઈ સર્જ્યું છે તે ઉત્તમ છે. માનવીના હસ્તક્ષેપથી તેમાં વિકૃતિ ઉત્પન્ન થઈ છે.

**પર્યાવરણની શુદ્ધિ માટેનો પહેલો પાઠ છે -**

**"વિશાળે જગ વિસ્તારે, નથી એક જ માનવી,**
**પશુ છે, પંખી છે, પુષ્પો અને વનોની વનસ્પતિ."**

આ ધરતી પર વસતાં પ્રત્યેક મનુષ્યની સમજણના સથવારે પર્યાવરણ સુંદર બનાવવાનું છે. ચાલો... સમજણનો શુભ સંકલ્પ કરીએ.

# ...ઔર હમામ મેં એક નંગા આદમી કૂદ પડા!!

## કૉફી હાઉસ

- ઉત્સવ પરમાર

કોઇ બેઇમાન માણસને બીજો બેઇમાન માણસ કેટલો બેઇમાન લાગતો હશે? ઇમાનદારીની વ્યખ્યા આપી શકાય ખરી...?? સાવ સીધા માણસો ઝટ ગમી જાય તે સાવ નકટાને નફ્ફટને ના ગમે એવી વૃત્તિનું નામ ઇમાનદારી જરૂર રાખી શકાય. હમણાં હમણાં આ શબ્દની ટી.આર.પી. વધી ગઇ છે... એક રાજયની "પ્રામાણિક અને નિષ્પક્ષ" સરકાર ઇમાનદારી શબ્દનો નવો અર્થ પોલિટીકલ અને એડમિનિસ્ટ્રેટીવ ડિકશનરીમાં ઉમેરવા ઇચ્છે છે, દુર્ગાશક્તિ નાગપાલ, UPSC રેન્ક ૨૦, બેચ - ૨૦૧૦, છત્તીસગઢથી બી.ટેક, IAS ... આ યુવા અફસરનાં સસ્પેન્શન ઓર્ડરે દેશનાં દરેક ખૂણાં-ખાંચરામાં ચર્ચાતા સવાલને ફરી એકવાર રાષ્ટ્રીય સ્વરૂપ આપી દીધું છે. સરકારી ફરમાનો અને બયાતોની ખુદ મુખ્તારી અને બેપરવાહીથી ઘેશની જનતા બખૂબી વાકેફ છે... આવી બેનમૂન ખુબીથી વાકેફ દેશ જાણે ટેવાઇ રહ્યો છે.





ટી.વી.ની સ્ક્રીન પર રાજ્ય સરકારનાં નુમાઇન્દા જે ભાષા વાપરી રહ્યા છે, તે લોકતંત્રના સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. જે તે જિલ્લાનાં ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ, તલહસીલદાર, લોકલ ઇન્ટેલિજન્સ યુનિટ તથા વક્ફ બોર્ડની "ક્લીન ચીટ" ના રિપોર્ટ બાદ પણ લોકશાહીનાં તાનાશાહો જનતાને લોકશાહીની નવી પરિભાષા શીખવી રહ્યા છે. કંવલ ભારતી નામનો કોઇ લેખક સરકારની પ્રતિક્રિયા સામે સોશ્યલ નેટવર્કીંગ સાઇટ પર ટિપ્પણી કરે છે ને આઝમ ખાં નામનો કોઇ મંત્રી કોઇ ન્યુઝ ચેનલ પર કહે છે , નેતાઓ આલોચના સહન નહીં કરે. આ લોક-શાહો આ દેશનાં નવા સામંતો છે - નવા સમ્રાટો છે. પાગલખાનાંમાં પુરાયેલો પાગલ પણ આસાનીથી સમજી શકે એવા ઘટનાક્રમમાં સરકારનું "વીરત્વ" હણાઇ જવાનો ડર છે અને સૌથી વધુ ડર પોલિટીક્સ - ક્રિમિનલ નેક્સસ ખુલ્લો પડી જવાનો છે.

ભારતીય લોકતંત્રમાં રાજનૈતિક વિરોધિતાઓ ઊભરી રહી છે, ચૂંટાયેલા કે ન ચૂંટાયેલા રાજનેતાઓની બેપરવાહીઓ લોકતંત્રની ગરિમાને લાંચન લગાડે છે. પ્રતિનિધિત્વનો "પાવર" સમજવાની ભૂલ આ દેશનો રાજકારણીઓ વર્ષો થયે કરતો આવ્યો છે, શોષિત અને દમિત પ્રજા પર આટલા વર્ષોમાં ફક્ત શોષણનું સ્વરૂપ જ બદલાયું છે. શું એક આમ આદમી છેતરાઇ રહ્યો છે? પહેલાં રાજાઓનાં નામે છેતરાયો, સામંતોનાં નામે છેતરાયો. સામ્રાજયવાદીઓનાં હાથે છેતરાયો... ને હવે લોકશાહોનાં હાથે...??

લોકતંત્ર સંપૂર્ણતઃ પ્રજાનો વિવેકશીલતા પર આધારિત વ્યવસ્થા છે. આ વિવેકશીલતા એટલે શું? સારા ને નરસાં વચ્ચે જે ભેદ કરી બતાવે તેનું નામ વિવેકશીલતા. શું ભારતીય મતદાતા આ ભેદ કરી શક્યો છે કે પછી તેની પાસે વિકલ્પ નથી... ૧૨૦ કરોડ વિકલ્પમાંથી એક પણ વિકલ્પ નથી?! લોકતંત્ર એ પરિપક્વ પ્રજાની વ્યવસ્થા છે, આ પરિપક્વતા સાથે જ વિવેકશીલતા આવે... આ પરિપક્વતા જ લોકતંત્રનાં રાહે મળેલા અધિકારોની સાથે સમજપૂર્વકની જવાબદારી પણ આવે. શું એક પ્રજા તરીકેની આપણી અપૂર્ણ પરિપક્વતા એ જ આવા નેતા પ્રતિનિધિઓ ઊભા કર્યા છે? બીજો સવાલ એ છે - પરિપરક્વતા કોને ગણવી? ભારતીય લોકતંત્રને, સાહેબ, સડો લાગી ચૂક્યો છે... બોલો કોઇ દવા છે?

કોઇ પણ રાજ્ય કુશળતાથી કામ કરી શકે તેને માટે તેનું કારોબારી તંત્ર - એકઝીક્યુટીવ સિસ્ટમ દુરસ્ત હોય તે જરૂરી છે, કારોબારી એ કલ્પનાઓ અને વિચારોને સાકાર કરતી સંસ્થા છે. આ સંસ્થા જેટલી સબળ, તેટલો ભ્રષ્ટાચાર ઓછો. આ સંસ્થા જેટલી સ્વતંત્ર તેટલી નિષ્ફક્ષતા વધારે. આ દેશ ઇચ્છે છે કે સરકારી કચેરીઓમાં ચિત્તાની સ્પૂર્તિ હોય, આ દેશનો આમ આદમી ઇચ્છે છે કે સરકારી કચેરીના પગથિયાં ચઢતી વખતે તેના મનમાં કોઇ પણ પ્રકારનો પૂર્વગ્રહ કે ભય ના હોય, આપણે ત્યાં સિવિલ સર્વિસિજ જેવી બાહોશ - કાર્યકુશલ સંસ્થા છે, દિમાગ જ નહીં, દિલ પણ જેનું ફોલાદી હોય તેવા હોનહાર અફસરો આ સંસ્થાની દેન છે, છતાંય રાજકીય હસ્તક્ષેપ દેશને પ્રાપ્ત પ્રતિભાનો દુરૂપયોગ કરી રહી છે. વરૂઓનાં ઝૂંડ વચ્ચે કોઇ નિરૂપદ્રવી હરણ ક્યાં સુધી બચી શકે? લોકતંત્રની કેટલીક મર્યાદાઓ આ નિરૂપદ્રવી હરણને ક્યારેક - નડી જાય છે. અફસરોની લાલ ફીતાશાહી (રેટ ટેપ) પણ આ જ મર્યાદાઓમાંથી પેદા થઇ છે.

કેટલાંક અફસરો કર્તવ્યનિષ્ઠા જાળવવા મૂલ્યનિષ્ઠ પ્રયાસો કરે છે, "કંટક શોધન" જ નહીં "કંટક દમન" કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન પણ કરે છે - પણ સરકારી શબ્દકોટામાં આવા જાલિમ શબ્દોને સ્થાન ન હોવાથી, કેટલાંક નેતા તેને પોતાની ભાષા બહારનો શબ્દ માની બેસે છે. નેતાની ભાષા એ પ્રજાની ભાષાની જુદી બને, ત્યારે વિરોધાભાસ રચાવાનું શરૂ થાય છે અને ત્યારે જ કોઇ દુર્ગાશક્તિ કે કોઇ અશોક ખેમકા પર વીજળી પડે છે.

એક પ્રજા તરીકે આપણે ઊઠવું પડશે, ઊંઘ ના ઊંડે તો બે આંગળીઓ વડે આંકો પહોળી રાખવી પડશે... નહીંતર ધૃતરાષ્ટ્ર પ્રજાને દુર્યોધનોથી કોઇ જ નહીં બચાવી શકે...

● ● ●

હવે, તો યુદ્ધ એજ કલ્યાણ...

- ch9723367947@yahoo.com

# લથડતી વાઘણ પાંજરા સુધી પહોંચીને ઢળી પડી, તેની ગર્દનમાંથી રક્તધારા વહેલી હતી, પણ આંખ તો બચ્ચા તરફ જ મંડાયેલી હતી

## કારણ એ 'મા' હતી

- અનંત ન. વ્યાસ

આપણે ત્યાં ગીરનું જંગલ ડાલામથ્થા સિંહો માટે ખૂબ જાણીતું છે. તેમ હિમાલયનો નીચતો વિસ્તાર ગઢવાલ ટીહરી ના જંગલો વાઘના નિવાસ માટે જાણીતા છે એક સમયે આ વિસ્તારમાં હજારો વાઘ હતા. અંગ્રેજોના સમયે વાઘના શિકાર મોટા પાયા પર થતો. ઘણા શિકારીઓએ શિકારના અનુભવોની કથાઓ લખી છે. આવાજ એક અતિ જાણીતા શિકારીએ એક વાઘણના તેના બચ્ચા પરત્વેના પ્રેમની કથા આલેખી છે. આપણે તેને શબ્દોમાં તેનો રસાનંદ અને ભાવ અનુભવીએ...

"એક દિવસ હું અને મારો મિત્ર જંગલમાં ફરવા નીકળ્યા. થોડા દિવસ પહેલાં અમે એક મોટા વાઘનો શિકાર કરેલો. આ અનુભવ વાગોળતાં અમે જંગલના પથરાળ રસ્તા પરથી પસાર થતા હતા. અમારી પાસે એ સમયે કંઇ હથિયાર ન હતું અચાનક એક જગા પર ઝાડી પાછળ કંઇ સળવળાટ થતો હોય તેવો ભાસ થયો. અમે તપાસ કરી તો ઝાંખરા - પાછળની બખોલમાં વાઘને બે તગડાં બચ્ચાં ગેલ કરતાં હતા. વાઘના આ બે બચ્ચા જોઇ અમો તો ખુશ-ખુશ થઇ ગયા. વાઘણ શિકારીની શોધમાં થોડી દૂર ગઇ હશે. સામાન્યતઃ તો શરૂઆતના દિવસોમાં વાઘણ બચ્ચાને એકલા છોડીને દૂર જવાનું પસંદ ન કરે. વાઘણ ગમે તે ક્ષણે આવી પહોંચે તે ડરે અમે ઝટપટ બચ્ચા ઉપાડી લીધા ને તુરંત ગામમાં આવી ગયા."

એકાદ કલાક પછી વાઘણની ભયાનક ત્રાડો સંભળાઇ પોતાના બાળકોનું અપહરણ આ રાની પશુથી પણ સહન ન થયું. કંઇક અંશે કુદરતી પ્રેરણા તો કંઇક અંશે ઘ્રાણશક્તિથી... પણ પોતાના બચ્ચા આ ગામમાં છે. તેનો તેને ખ્યાલ આવી ગયો. સાંજ પડતાં તો વાઘણ ગામની સીમમાં ઘૂસી આવી પાદરમાં વસતાં ગોપાલકોના ઢોરનો શિકાર કરી. જંગલ ચલી ગઇ. મધરાત થઇ ત્યાં ફરી ત્રાડ સંભળાણી. આ વખતે આંગણામાં સુઇ રહેલા એક માનવીનો શિકાર કર્યો. આ વિભાગમાં આ પ્રથમ વખત બન્યું.

કોને ખબર કેમ - પણ પોતાના બચ્ચાના અપહરણ માટે આ ગામના માણસો જ જવાબદાર છે તેવું તેના મનમાં જ ઠસી ગયું. વાઘ કે વાઘણ માનવીનું લોહી ચાખે પછી ભારે ખંધા અને હોંશિયાર બની જાય છે. અને આ તો બચ્ચાનાં વિરહના ઝૂરતી 'મા' હતી. ધીમે ધીમે ચોક્કસ ગણતરીપૂર્વક તે ગામની નજીક આવવા લાગી. રાત-દિવસ તે ગામ આસપાસ ચક્કર લગાવ્યા કરે ને લાગ મળતાં માનવીનો શિકાર કરે. તેની ગાડોમાં ભયંકરતા તો વળી ક્યારેક વેદનામય વિરહનો ઘુર્ઘરાટ સંભળાતો. ગ્રામજનો તેને દૂર ભગાડવા વારંવાર પ્રયત્નો કરતાં પણ એ તો અતિ ચાલાકીથી - અકલ્પનીય જગા પર દેખાતી. તેનો શિકાર કરવો એ અતિ કઠિન કામ હતું.

અમે બંને વાઘ-બાળાને બંગલાના એક અંદરના ઓરડામાં રાખેલા. તેનો પણ તેને ખ્યાલ આવી ગયો. પરિણામે તે બંગલા આસપાસ ફર્યા કરતી. બંગલામાંથી જો કોઇ એકલ-દોકલ બહાર નીકળે કે વીજળી ઝડપે તેના પર તૂટી પડતી. મારા બે ઘોડા, એક શિકારી કૂતરો ને ચોકીદાર તેના ભોગ બની ગયા. ભયંકર ગણાતા ને ખાસ શિકાર માટે તૈયાર કરાયેલા અન્ય કૂતરાને પણ વાઘણે ઘડીના છઠ્ઠા ભાગમાં ચુંથી નાખ્યો. તે પરથી તેના ઝનૂનનો ખ્યાલ આવી ગયો.

દરેક માતા પોતાના બાળકો માટે પ્રેમની લાગણી તો ધરાવતી જ હોય છે. બચ્ચાંને છોડી દેવામાં આવે તો વાઘણને અમારી સાથે કોઇ દુશ્મનાવટ ન હતી. પણ અનાયાસે હાથમાં આવેલાં આવાં સુંદર બચ્ચાંઓને છોડી દેવાનું મન થયું ન હતું. એક દિવસ વાઘણે ચોકીદારના છોકરાને ફાડી ખાદો. તેની માતાનો વિલાપ અને ઠપકો મેં સાંભળ્યા અને વાઘણનો શિકાર કરવા તૈયાર થયો. મેં સ્વાર્થના કારણે એ ન વિચાર્યું કે વાત માતાના હૃદયની છે. માનવ - માતાનું કલ્પાંત જોઇ પશુમાતાને મારવા તૈયાર થયો.

મચાન બાંધી - ભક્ષ્ય મુકવાનો પ્રયોગ નિષ્ફળ ગયો. વાઘણને ભોજનમાં રસ ન હતો. માત્ર પ્રેમ તથા વેર - આ બે જ ભાવના હતી. અમે એક સાહસિક નિર્ણય કર્યો. આ વાઘણ બચ્ચા માટે તલસે છે તો બચ્ચાને મજબૂત પાંજરામાં રાખી, પાંજરૂં મેદાનમાં મુકી દઇએ. વાઘણ ગમે તેવા જોખમ વચ્ચે બચ્ચાને જોવા આવવાની શિકાર માટે સરસ તક મળશે. બાળકની નજર સમક્ષ માતાની હત્યા કરવી તે ઘોર અપરાધ છે. તેનું મને ભાન ન રહ્યું.

મજબૂત પાંજરામાં બંને વાઘ-બાળ મુકી. પાંજરૂં મેદાનમાં ગોઠવ્યું હું મારી રાઇફલ લઇ અગાસીમાં બેસી ગયો. ત્રણેક કલાક વીતી ગયા. અચાનક સાવ ધીમો ઘુર્ઘાટ સંભળાયો. બચ્ચા માતાનો અવાજ ઓળખી ગયા. તેનો સામો પડઘો પાડ્યો. ઘડીભર સામસામા પ્રેમસભર આ સંવાદ ચાલ્યા. અતિ મૃદુ પગલે વાઘણ ક્યારે આવીને સળિયા આરપાર બચ્ચાને ચાટવા લાગી તેનો મને ખ્યાલ ન આવ્યો. મેં આંખ ચોળી - રાઇફલ સજ્જ કરતાં સહજ અવાજ થયો. વાઘણ ચમકી, ત્રાડ પાડી જંગલમાં અદૃશ્ય થઇ ગઇ.

બીજા બે કલાક માટે પૂતળા જેમ સ્થિર બેસવામાં જ વિતાવવા પડ્યા. થોડીવારે આકાશ વિંધતી જબ્બર ત્રાડ સંભળાણી. બચ્ચાઓએ પણ એવો ભારે પ્રતિસાદ પાડ્યો, મેં જોયું. વાઘણની કાયા કમાન જેમ હવામાં ઉછળી. પાંજરૂં તોડવા જબ્બર ચોટ લગાવી. પાંજરૂં હચમચી ગયું. વાઘણ પાછી ફરી...

(અનુસંધાન પાના નં. ૬ પર)